**મે. રાજકોટના ૬ઠ્ઠા એડી. જ્યુડી. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં, રાજકોટ.**

**ક્રિમીનલ કેસ નં. ૭૩૧/૨૦૨૬**
આંક –

**ફરીયાદી** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી:–** રવિભાઈ માધવદાસ ફીચડીયા

**ચાર્જ :– જુગારધારાની કલમ– ૧૨ મુજબ.**

૧. આ કામના આરોપીનાએ જુગારધારાની કલમ– ૧૨ મુજબનો ગુનો કર્યો હોવાનુ ચાર્જશીટ રજુ થયેલ છે.

૨. આરોપીઓને સમન્સ બજતા તેઓ અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ફરીયાદની નકલ વીના મુલ્યે આપવામાં આવેલ છે. આજરોજ આરોપી નાએ ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરી છે અને તેઓએ અહેસાસ થયાનુ જણાવેલ હોય, ભવીષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવાની ખાતરી આપેલ છે.

૩. ઉપરોકત વીગતો ધ્યાને લેતાં આરોપી નાએ કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આરોપી ની રજુઆત તેની સામાજીક અને આર્થીક સ્થિતી જોતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે. અને આ બાબતે ગુજરાતની વડી અદાલતનો ૨૦૦૫ – (૧) જી. એલ. આર. ૭૦૯ નટવર હીરાચંદ ઠાકોર વીરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંતો ધ્યાને લેતાં આરોપી ને હળવી સજા કરવાનુ નયાયોચીત જણાતુ હોય નયાયના વીશાળ હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

# **<u>: : હુકમ : :</u>**

આરોપી રવિભાઈ માધવદાસ ફીચડીયીા, રહે. રાજકોટને **<u>બી. એન.એસ.એસ.ની કલમ –૨૭૮(૧)</u>** અન્વયે જુ.ધા.કલમ–૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા ફરમાવવામાં આવે છે. અને આરોપી દીઠ **રૂા.૫૦૦/– (અંકે રુપીયા પાંચસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. દંડ ના ભરે તો દીન– ૧ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદામાલ અંગે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તે આથી કાયમી રાખવમાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪ મી માહે માર્ચ, ૨૦૨૬ ના રોજ સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: રાજકોટ.
તા.૧૪/૦૩/૨૦૨૬

(એલ.આઈ.ભાટી)
૬ઠ્ઠા એડી. જ્યુડી.મેજી.ફ.ક.,
રાજકોટ.
કોડ નં. જી. જે. ૦૧૬૫૬

**ફોજદારી દંડની રકમ કુલ રૂા. ૫૦૦/–** (અંકે રૂપિયા પાંચસો પુરા)
દંડ ની પહોંચ નં.................... તા.૧૪/૦૩/૨૬ થી
વસુલ લીધી.

**નાઝર**
**ચીફ જ્યુ.મેજી., રાજકોટ.**